# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-03-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે પેટ્રોલ અને ડીઝલના પુરવઠાને લઈને વૈશ્વિક કટોકટી ઊભી થઈ રહી છે. શ્રી મોદી આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પડકારજનક સમય છે કારણ કે આ ક્ષેત્ર ભારતની ઉર્જા જરૂરિયાતો માટેનું મુખ્ય કેન્દ્ર છે. શ્રી મોદીએ કહ્યું કે ભારત આ પડકારને પાર કરશે જેમ તેણે કોવિડ-19 રોગચાળા દરમિયાન કર્યું હતું.

તેમણે ચેતવણી આપી કે અફવાઓ રાષ્ટ્રીય હિતોને નુકસાન પહોંચાડી શકે છે, લોકોને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવાની સલાહ આપી.

**(BYTE : MKB-GOVT. TRUST)**

પ્રધાનમંત્રીએ ભારતની તાજેતરની રમતગમત સિદ્ધિઓની પણ પ્રશંસા કરી, જેમાં T20 વિશ્વ કપ વિજય અને જમ્મુ અને કાશ્મીરની પ્રથમ રણજી ટ્રોફી જીતનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાની અસર દેશના દરેક ખૂણામાં અનુભવાઈ રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાની પાયલ મુંજપરાએ આ યોજના હેઠળ સૌર ઉર્જા ટેકનોલોજીમાં ચાર મહિનાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે અને હવે તે એક કુશળ સૌર ઉર્જા ઉદ્યોગસાહસિક તરીકે પોતાની ઓળખ બનાવી રહી છે.

---

# જીલ્લા કક્ષાની સમિતની બેઠક:

જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને **LPG/PNG**, પેટ્રોલ-ડિઝલ તેમજ આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની સમીક્ષા કરવા જિલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાને રાખી જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો સુચારુ અને સતત જળવાઈ રહે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લાના તમામ રિટેલ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ અને ડિઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવી જિલ્લા કલેકટર આનંદ પટેલે ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માર્ગદર્શન આપ્યું હતું. પેટ્રોલ અને ડિઝલની અછત અંગે કોઈપણ પ્રકારની અફવા ન ફેલાય તે માટે પેટ્રોલિયમ કંપનીઓને પોતાના સ્ટાફને યોગ્ય તાલીમ આપવા પણ સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોને સરકારના પરિપત્ર મુજબ જરૂરી જથ્થાની ફાળવણી કરવામાં આવે તેમજ ભાવમાં નિયમન જળવાઈ રહે તે બાબતે સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત, ખેડૂતોને વાવણીની સીઝનમાં યુરિયા સહિતના ખાતર સરળતાથી મળી રહે અને ખેડૂતોને ખાતર બાબતે કોઈ તકલીફ ન પડે તે માટે સમયસર આયોજન કરવા માટે સંબંધિતોને તાકીદ કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓની હોસ્ટેલ તથા હોસ્પિટલો માટે **LPG**નો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું સબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું.

---

# મર્ચન્ટ નેવી વીકની ઉજવણી:

દેશભરમાં મર્ચન્ટ નેવી વિકની ઉજવણીનો પ્રારંભ થયો છે. આ નિમિત્તે દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલા, મર્ચન્ટાઇલ મરીન ડિપાર્ટમેન્ટ અને વહાણવટા ક્ષેત્ર સાથે સંકળાયેલી અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત ગાંધીધામમાં આજે સવારે 4 કિલોમીટર મેરિટાઇમ રન અને સાઇક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ યોગ સત્ર પણ યોજાયું હતું.

**ડીપીએ વહીવટી ભવન ટાગોર રોડથી શરૂ થયેલ દોડ ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે પૂર્ણ થઈ હતી.**

**આ આયોજનનો મુખ્ય હેતુ વહાણવટા ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ હિતધારકોને એકત્રિત કરીને આ ક્ષેત્રની એકતા અને ઉત્કૃષ્ટતાને ઉજવવાનો છે તેમ MMD કંડલાના જોઇન્ટ DG અને પ્રિન્સીપલ ઓફિસર કેપ્ટન સંતોષકુમાર દરોકારે આકાશવાણીને જણાવ્યું હતું.**

**------------------------------------------------------------------------------------------**

## <u>અવસાન:</u>

લખપત તાલુકા પંચાયતનાં પ્રથમ મહિલા પ્રમુખ અમિતાબેન રમેશચંદ્ર શાહનું મુંબઈ ખાતે અવસાન થયું છે. તેમની વય 57 વર્ષની હતી. તેઓ 2005માં યોજાયેલ તાલુકા પંચાયતની ચૂંટણીમાં વિજેતા થયા હતા અને પાંચ વર્ષ સુધી પ્રમુખપદે રહ્યા હતાં. સદગતની સ્મૃતિમાં તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે ગઈકાલે વેપારીઓએ અડધો દિવસ કામકાજ બંધ રાખ્યું હતું.

**------------------------------------------------------------------------------------------**

## <u>સેવાસેતુ કાર્યક્રમ-નખત્રાણા:</u>

એર ઈન્ડિયાની ભુજ-મુંબઈ વચ્ચે ઉડાન ભરતી બે વિમાની સેવા ઉપરાંત ભુજ-દિલ્હીની ફ્લાઈટના સમયમાં આજથી ફેરફાર થયો છે. મુંબઈથી ભુજની ફ્લાઈટ સવારે 6 વાગીને 20 મીનીટે ઉડાન ભરશે, જે 7 વાગીને 45 મીનીટે ભુજ પહોંચશે અને તે ભુજથી 8 વાગીને 25 મીનીટે ઊડીને 9 ને 55 મીનીટે મુંબઈ પહોંચશે. આ ઉપરાંત બપોરે 1 વાગીને 50 મીનીટે વિમાન મુંબઈથી ઉડાન ભરીને 3 ને 15 મીનીટે ભુજ આવશે અને તે 4 વાગ્યે ભુજથી ઊડીને 5 ને 35 મીનીટે મુંબઈ પહોંચશે. ભુજ દિલ્હીની વાત કરીએ તો, દિલ્હીથી 3 વાગ્યે વિમાન ઉડાન ભરીને 4 ને 50 મીનીટે ભુજ આવી જશે અને આ વિમાન ભુજથી સાડા પાંચ વાગ્યે ઊડીને 7 ને પાંત્રીસે દિલ્હી ઊતરાણ કરશે.

આ નવા સમય મુજબ મુસાફરોને વિમાની મથકે સમયસર પહોંચી જવા ભુજ એરપોર્ટના ડીરેક્ટર  નવીન કુમારે જણાવ્યું છે.

-----------------------------------------------------------------------------------------------